# એક હું છું, એક તું છે, આજ ચલ, શરૂઆત કરીએ, જ્યાં અધૂરી રહી ગઈ'તી, એ કથાની વાત કરીએ!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

વલસાડના અબ્રામામાં વૃંદાવન સોસાયટીમાં રહેતાં કપિલભાઈ દેસાઈને હતી તો બે દીકરીઓ પણ જાણે દીકરા સમોવડી હોય એ રીતે એમણે બન્નેને ઉછેરેલી. એમનાં પત્ની સુલભાબહેન પણ ભારોભાર કાળજી લેતાં દીકરીઓની. બન્ને બહેનો વચ્ચે સ્નેહની સરવાણી સદૈવ વહેતી રહેતી. મોટી દીકરી જલ્પા તો ગ્રેજ્યુએટ થઈ ગઈ ને નાની દીકરી સ્નેહા હવે બારમા ધોરણમાં આવી. અનાવિલ બ્રાહ્મણ એટલે કપિલભાઈને ને ઘરનાં સૌને ખાવાપીવાનો શોખ એટલે જલ્પા અને સ્નેહા પણ રસોઈ બનાવતાં શીખી ગઈ. "હવે શું વિચાર છે જલ્પા?" એક સાંજના વાળુ કરતી વખતે કપિલભાઈએ પૂછ્યું. "પપ્પા," જલ્પા બોલી, "હવે મારી ઈચ્છા સુરતની વીર નર્મદ યુનિવિસર્ટીમાંથી એમ.એ. કરવાની છે. એમ.એ. થઈ જાઉં તો મને અધ્યાપિકા તરીકે નોકરી મળી શકે. તમે હા કહો તો હું કાલે જ જઈને ફોર્મ ભરી આવું."


"પણ બેટા," કપિલભાઈ બોલ્યા, "ત્યાં તો એડમિશન મેળવવાની તકલીફ ઘણી છે, તને એડમિશન મળશે ?" "અરે પપ્પા," જલ્પા હસીને બોલી, "હું બી.એ.માં ફર્સ્ટકલાસ સાથે પાસ થઈ છું ને સમગ્ર યુનિવર્સિટીમાં મારો ત્રીજો નંબર છે, મને એડમિશન મળી જ જશે."

"તો તો જા બેટા," સુલભાબહેન બોલ્યાં, " તારે જરૂર હોય તો તારા પપ્પા હાઈસ્કૂલમાં રજા મૂકીને તારી સાથે આવશે." "અરે, એવી કંઈ જરૂર નથી મમ્મી," જલ્પા બોલી, "માત્ર ફોર્મ ને ફી જ ભરવાની છે એટલે હું જઈને તરત પાછી પણ આવતી રહીશ."

"ભલે બેટા," કપિલભાઈ બોલ્યા, "સવારની ટ્રેનમાં જજે ને પૈસા લેતી જજે. ભૂલતી નહીં."

બીજા દિવસે જલ્પા સુરત જઈને યુનિવર્સિટીમાં ફોર્મ ભરી આવી ને ફી પણ ભરતી આવી. એની કોલેજ પંદરમી જૂને શરૂ થવાની હતી. ૧૪મી જૂને એ સુરત જઈને એમ.એ.ના પહેલા વર્ષનાં પુસ્તકો ને નોટબુક લઈ આવી ને રેલવેના કન્સેશન પાસ પર યુનિ.ની ઓફિસમાંથી સહીસિક્કા પણ કરાવી આવી. ટ્રેનનો સમય એની કોલેજ માટે એકદમ બરાબર હતો. સવારે જઈને એ સાંજ પહેલાં ઘેર પાછી આવી શકતી. કોલેજ શરૂ પણ થઈ ગઈ અને એનું અપ-ડાઉન પણ શરૂ થઈ ગયું. જલ્પાને ભણવાની મઝા આવતી હતી. સ્નેહાને પણ બારમા ધોરણમાં ભણવાની મઝા આવતી હતી. કપિલભાઈ તો સવારના હાઈસ્કૂલે ભણાવવા ચાલ્યા જાય, એ પછી સુલભાબહેન ઘરમાં એકલા રહી જતાં. જો કે બાર સાડાબાર વાગ્યે સ્નેહા ઘેર આવી જતી, કપિલભાઈ પણ એક વાગ્યે આવી જતા ને જલ્પા સાંજના ચાર વાગ્યાની ટ્રેનમાં સુરતથી આવી જતી. એ પછી ઘરમાં કિલકારીઓ શરૂ થતી. સૂકાતા છોડ પર વરસાદી પાણીનો છંટકાવ એ સમયે અનુભવવા મળતો. એક વરસ પૂરું થયું. જલ્પા પ્રથમ વર્ગ સાથે એમ.એ.ના પહેલા વર્ષમાં પાસ થઈ ને સ્નેહા પણ પ્રથમ વર્ગ સાથે બારમા ધોરણમાં પાસ થઈ. કપિલભાઈએ સોસાયટીના મિત્રોને ને પોતાની હાઈસ્કૂલના સ્ટાફને પાર્ટી આપી અને બન્ને છોકરીઓને કપડાં લેવા સારીએવી રકમ પણ ઈનામ તરીકે આપી. સ્નેહા વલસાડની કોલેજના પ્રથમ વર્ષમાં દાખલ થઈ અને જલ્પા સુરત યુનિ.માં એમ.એ.ના બીજા વર્ષમાં દાખલ થઈ. તાપીના પાણીની સાથે સમય પણ વહેતો રહ્યો ને એ વરસ પણ પૂરું થયું. જલ્પા પ્રથમ વર્ગમાં એમ.એ. થઈ ગઈ. સમગ્ર યુનિવર્સિટીમાં એ પ્રથમ નંબરે આવી. સ્નેહા પણ પ્રથમ વર્ગ સાથે કોલેજના પ્રથમ વર્ષમાં પાસ થઈ. ''જલ્પા," કપિલભાઈએ ફરી એક વખત સાંજના વાળુ વખતે પૂછ્યું, "હવે તું શું કરવા ઈચ્છે છે? લેક્ચરર તરીકે નોકરી મળી જશે હવે?'' "પપ્પા," જલ્પા બોલી, "હવે હું પી.એચ.ડી. કરવા માગું છું. એ તો ઘેર બેઠા જ થઈ શકશે. કેટલીક વખત સુરત જવું પડશે, પણ પી.એચ.ડી. થયા પછી મને નોકરી મેળવવી સહેલી થઈ પડશે."

"તને ઠીક લાગે એમ કર બેટા,'' સુલભાબહેન બોલ્યાં, ''હવે તું કંઈ નાની નથી કે અમારે તને સમજાવવું પડે." ''કયા વિષય પર પી.એચ.ડી. કરવાનું ધાર્યું છે?'' કપિલભાઈએ પૂછ્યું. "પપ્પા," જલ્પા બોલી, " દક્ષિણ ગુજરાતના સાહિત્યકારો પર હું પી.એચ.ડી. કરવા ઈચ્છું છું. કાલે જ હું જઈને રજીસ્ટ્રેશન કરાવી આવીશ, લગભગ બે વર્ષમાં તો હું પી.એચ.ડી. થઈ જઈશ.'' "સારું બેટા," કપિલભાઈ બોલ્યા, "કાલે પૈસા લેતી જજે.'' બીજા દિવસે જલ્પા સુરત જઈને પોતાના વિષયનું રજિસ્ટ્રેશન કરાવી આવી, ગાઈડ તરીકે એણે પોતાના પ્રિય અધ્યાપકને પસંદ કરી લીધા. હવે એણે ઘેર પહોંચીને તૈયારીઓ શરૂ કરી દીધી. એને કપિલભાઈએ લેપટોપ પણ અપાવ્યું એટલે થિસિસ તૈયાર કરવાની સરળતા રહે. બે વર્ષ પહેલાં જ જલ્પાએ થિસિસ પૂરો કરીને સબમીટ પણ કરી દીધો. એ પછી વાઈવા ગોઠવાયો ને એને થોડા જ સમયમાં પી.એચ.ડીની ડીગ્રી પણ મળી ગઈ! ''બસ પપ્પા," જલ્પાએ એક સાંજે વાળુ કરતી વખતે કહ્યું, "હવે મારું ભણવાનું કામ પૂરું થયું. હવે જાહેરાત આવે એટલે અરજીઓ કરવાનું કામ શરૂ થશે." બધાંની થાળીમાં હાસ્યની મીઠાશ ભળી.




"લે જલ્પાદી,'' સ્નેહા એને કવર આપતાં બોલી, ''આમાં વકીલે લખી આપેલું કરારનામું છે, આજથી અમે મૌલિક તને ભેટ આપીએ છીએ. હવે એ કાયદેસર તારો દીકરો છે એના કાગળ આ કવરમાં છે. હવે મારે પણ એક દીકરો છે ને તારે પણ એક દીકરો છે. ખુશ ને?"

રાહ જોવી ન પડી. થોડા સમયમાં જ જલ્પાએ જાહેરાત જોઈ ને અરજી પણ કરી દીધી. સુરતની એમ.ટી.બી. કોલેજમાં એને સહાયક અધ્યાપિકા તરીકે નોકરી પણ મળી ગઈ! સ્નેહા પણ ગ્રેજ્યુએટ થઈ ગઈ પણ હવે આગળ ભણવાની એની ઈચ્છા ન હતી. એણે મમ્મીને મદદ કરવાની નોકરી સ્વીકારી. અભ્યાસ જલ્પાનો પ્રિય વિષય હતો. પછી ભણાવવાનું હોય કે ભણવાનું હોય, એને ગમતું. સારી અધ્યાપિકા તરીકે એની શાખ બંધાઈ ગઈ. એના વર્ગમાં પ્રથમ વર્ષમાં એક તેજસ્વી વિદ્યાર્થી તરફ એનું ધ્યાન ખેંચાયું. એ વર્ગમાં જલ્પાએ પૂછેલા પ્રશ્નોના જવાબ તરત જ આપતો. એક વાર વર્ગની બહાર એ જલ્પાને મળ્યો. ''તમે સરસ ભણાવો છો બહેન," વિદ્યાર્થી બોલ્યો, "મને મઝા પડે છે."

"તારી બોલવાની પધ્ધતિ પરથી તું અનાવિલ લાગે છે!" જલ્પાના ચહેરા પર હાસ્ય ફરક્યું, "શું નામ તારું?" "મારું નામ કિરણ દેસાઈ," કિરણ બોલ્યો, "હા, અમે અનાવિલ જ છીએ.'' ''સરસ," જલ્પા બોલી, "ક્યાં રહે છે તું?'' "અમે સ્ટેશન રોડ પર ઘાંચી શેરીમાં રહીએ છીએ," કિરણ બોલ્યો, "હું, મારા મોટાભાઈ જતીનભાઈ અને મારા પપ્પા. મારી મમ્મી નથી." "સરસ," જલ્પાએ પગ ઉપાડતાં કહ્યું, "મારી મદદની જરૂર હોય ત્યારે મને મળજે, સંકોચ ન પામતો. હું પણ અનાવિલ જ છું.'' એ પછી તો સમય પસાર થતો રહ્યો. ત્રણ વરસ પસાર થઈ ગયાં ને કિરણ ગ્રેજ્યુએટ પણ થઈ ગયો. "બહેન," કિરણે એક દિવસ કહ્યું, "આજે તમે મારા ઘેર જમવા આવો. મારા મોટાભાઈ દહેજની એક કંપનીમાં મેનેજર છે, એમણે પણ આજે રજા મૂકી છે. હું પાસ થયો એની ખુશાલીમાં તમને જમવાનું મારા પપ્પાએ કહ્યું છે, ના ન પાડશો." "સારું," થોડું વિચારીને જલ્પાએ કહ્યું, "ચોક્કસ આવીશ." એ દિવસે જલ્પા કિરણ સાથે એના સ્કૂટર પર જ એના ઘેર ગઈ. કિરણના મોટાભાઈ જતીનભાઈ અને એના પપ્પાએ એને આવકારી. જમવાનું તો રસોઈયણ બહેને બનાવીને તૈયાર જ રાખ્યું હતું. જલ્પાની નજર વારંવાર જતીન તરફ જતી હતી. સોહામણો જતીન પણ ક્યારેક એની સામે જોઈ લેતો. જમ્યા પછી કિરણ જલ્પાને મૂકવા સ્કૂટર લઈને સ્ટેશને ગયો. "બહેન," રસ્તામાં કિરણે કહ્યું, "મારા મોટાભાઈ છવ્વીસ વર્ષના થયા પણ હજી એમણે લગ્ન નથી કર્યા. મને એવું લાગે છે કે, તમે એમની નજરમાં આવી ગયા છો. તમે ઘેર વાત કરી જોજો ને જો તમારાં મમ્મી-પપ્પાને યોગ્ય લાગે, તો મારે ત્યાં રવિવારે આવજો.'' "સારું'' કહીને જલ્પાએ વાત વાળી લીધી. એ દિવસે એણે ઘેર જઈને વાત કરી અને કપિલભાઈ અને સ્નેહાબહેન ખુશ થયાં ને રવિવારે બધાં સુરત જઈને નક્કી પણ કરી આવ્યાં. બીજા જ મહિને લગ્ન પણ ગોઠવાઈ ગયા ને જાન આવી ગઈ નવસારી. રંગેચંગે વર-કન્યા પરણવા બેઠા અને કિરણની નજર સ્નેહા પર પડી. એને સ્નેહા ગમી ગઈ. બે મહિના પછી કિરણના લગ્ન પણ સ્નેહા સાથે થઈ ગયા ને હવે સુલભા અને કપિલભાઈ નવસારીમાં એકલા રહી ગયાં! સમય પસાર થતો ગયો. બીજા વરસે સ્નેહાએ દીકરાને જન્મ આપ્યો. જલ્પાએ એનું નામ રાખ્યું મૌલિક. ત્રીજા વરસે સ્નેહાએ બીજા દીકરાને જન્મ આપ્યો. આ વખતે પણ એનું નામ રાખવાનું જલ્પાના માથે આવ્યું. એણે બીજા દીકરાનું નામ રાખ્યું કલ્પ. ચોથા વર્ષે જલ્પાએ દીકરીને જન્મ આપ્યો પણ જન્મ્યાના ત્રીજા જ દિવસે એ અવસાન પામી! જલ્પા ચોધાર આંસુએ રડી પડી.

નાનકડો મૌલિક જલ્પાનું ધ્યાન વધારે રાખતો. એણે જલ્પાનાં આંસુ લૂછ્યાં. હોસ્પિટલમાંથી રજા આપતી વખતે ડૉક્ટરે જે કહ્યું એ સાંભળીને જતીન ડઘાઈ ગયો. "જતીનભાઈ," ડૉક્ટરે કહ્યું, " મને અફસોસ છે કે, જલ્પાબહેન હવે માતા બની શકે એમ નથી. એમની ઓવરીમાં ખામી છે ને એનો કોઈ ઈલાજ નથી.'' ભગ્ન હૃદયે સૌ ઘેર પાછા આવ્યા. નિરાશામાં ડૂબેલી જલ્પાને હવે ક્યાંય ગમતું નહોતું. એને ભણાવવું નહોતું ગમતું, ખાવું પણ નહોતું ગમતું. બસ, જીવતી હતી એટલું જ.

''તું ચિંતા ન કર જલ્પા," જતીને એને કહ્યું, "આપણે અનાથાશ્રમમાંથી કોઈ બાળક દત્તક લઈ લઈશું, તું એને ઉછેરજે. અત્યારે એની ચિંતા ન કર. કાલે તારો જન્મદિવસ છે એની ઉજવણીની વાત કર. તને શું ભેટ આપું ?'' "મારે કોઈ ભેટ નથી જોઈતી," કહેતી વખતે જલ્પાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, "તમને ઠીક લાગે એ આપજો." બીજા દિવસે સવારે બધાં તૈયાર થઈ ગયાં. ટેબલ પર કેક ગોઠવાઈ ગઈ. થોડા મહેમાનો પણ હતા. જલ્પાએ કેક કાપી. પહેલો ટુકડો એણે નાનકડા મૌલિકના મોંમાં મૂક્યો. કેક વહેંચાઈ એ પછી ભેટ આપવાનું શરૂ થયું. જતીને એને એક સરસ વીંટી ભેટ આપી. બધાંએ જુદી જુદી ભેટો આપી. જલ્પા સ્નેહા સામે જોઈ રહી. હજી સુધી એણે કોઈ ભેટ નહોતી આપી. થોડી વાર પછી સ્નેહા ટેબલ પાસે આવી. "જલ્પા દી," ભીના અવાજે સ્નેહા બોલી, "તારો જન્મદિવસ હોય અને હું તને કોઈ ભેટ ન આપું એવું આટલાં વરસમાં કદી બન્યું છે? આજે હું તને તને ગમે એવી ભેટ આપવા માગું છું. આશા રાખું છું કે તું એ ભેટ સ્વીકારીશ." "અરે સ્નેહાદી" જલ્પા બોલી, "આ કંઈ પૂછવાની વાત છે? તું મને આપે એટલે ના પાડવાનો સવાલ જ ઊભો થતો નથી. મને ગમે એવી જ ભેટ આપવાની હઈશ એની મને ખાતરી છે.'' "તો પછી.....'' જલ્પાએ કિરણ તરફ ઈશારો કર્યો અને કિરણ અંદર એમના બેડરૂમમાં ગયો. બે જ મિનિટમાં એ હાથમાં એક કવર લઈને આવ્યો ને કવર સ્નેહાના હાથમાં મૂક્યું. "લે જલ્પાદી,'' સ્નેહા એને કવર આપતાં બોલી, ''આમાં વકીલે લખી આપેલું કરારનામું છે, આજથી અમે મૌલિક તને ભેટ આપીએ છીએ. હવે એ કાયદેસર તારો દીકરો છે એના કાગળ આ કવરમાં છે. હવે મારે પણ એક દીકરો છે ને તારે પણ એક દીકરો છે. ખુશ ને?'' "ખુશ તો હોઉં જ ને દી?" જલ્પાના ઓષ્ઠ પર હાસ્ય ફરક્યું.

"તો બસ," સ્નેહા બોલી, "આપણે આજથી આ નવી શરૂઆત કરીએ. એકની મા તું છે, ને એકની મા હું છું. આપણી કથા પૂરી કરીએ.'' જલ્પા સ્નેહાને ભેટી પડી. બન્નેની આંખોમાંથી તાપીએ વહેવાનું શરૂ કર્યું!

(શીર્ષકપંક્તિઃ યોગેશ પંડયા )